સુવિચાર

તમે તમારા શબ્દો કરતાં તમારા જીવન વડે
વધુ સારો ઉપદેશ આપી શકો છો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



યુનિ. રોડ પરના એપાર્ટમેન્ટના ફ્લેટમાં PSIની સર્વિસ રિવોલ્વમાંથી ફાયરીંગ P-4

Year-16, Issue-296 ■ DATE : 31-03-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતને ૧૯૮૦૦ કરોડના નવા પ્રકલ્પોની ભેટ આપતા મોદી

## અમદાવાદના કોબા ખાતે ભગવાન મહાવીર આરાધના કેન્દ્રમાં દુનિયાના સૌથી મોટા જૈન મ્યુઝીયમને ખુલ્લુ મુકયુ : સમ્રાટ સંપતિ એક એવો સેતુ છે કે જેમાં ભારતના દર્શન અને વ્યવહારને જોડે છે : વડાપ્રધાન







**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે આવ્યા છે અને અનેક કાર્યક્રમોમાં સામેલ થવા સાથે ગુજરાતને ૧૯૮૦૦ કરોડના વિકાસકામોની ભેટ આપી હતી.

વડાપ્રધાન મોદી આજે સવારે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા અને ત્યાંથી સીધા કોબા પહોંચ્યા હતા જ્યાં સમ્રાટ સંપ્રતિ મ્યુઝીયમનું ઉદઘાટન કર્યું હતું. ભારતની સમૃધ્ધ સંસ્કૃતિ અને વારસાની ઓલખ સમા મ્યુઝીયમમાં પૌરાણિક સંગ્રહ છે.

તેઓ બપોરે સાણંદ પહોંચ્યા હતા જ્યાં ભારતને ટેકનોલોજી તથા સેમીકન્ડક્ટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્ય સાથે કેન્સ સેમીકન્ડક્ટર ઓએસએસી ફેસીલીટી પ્લાન્ટનું ઉદઘાટન કરશે.

બપોર બાદના કાર્યક્રમોમાં નરેન્દ્રભાઇ મોદી વાવ (થરાદ) ખાતે નાણી ગામ ખાતેથી ૧૯૮૭૦ કરોડથી વધુના વિવાદ વિભાગોના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કર્યું હતું. તેમાં રેલવે સહિતના વિવિધ વિભાગોના પ્રોજેક્ટ સામેલ છે.

આજે સવારે તેઓએ સમ્રાટ સંપ્રતિ મ્યુઝીયમ ઉદ્ઘાટન કર્યા બાદ જણાવ્યું હતું કે, સમ્રાટ સંપતિ એક એવો સેતુ છે કે જેમાં ભારતના દર્શન અને વ્યવહારને જોડે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે અમદાવાદમાં કોબા ખાતે ભગવાન શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રમાં નિર્માણ કરાયેલ સમ્રાટ સંપતિ મ્યુઝીયમનું લોકાર્પણ કરતા સમયે આ શબ્દ ઉચ્ચાર્યા હતા. ગુજરાતમાં ચાલુ માસમાં જ બીજી વખત આવેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહાવીર જયંતીના દિને અમદાવાદના કોબા ખાતે સમ્રાટ સંપતિ મ્યુઝીયમનું લોકાર્પણ કર્યુ હતું.

બાદમાં તેઓએ સમગ્ર મ્યુઝીયમની મુલાકાત લીધી હતી. રાષ્ટ્ર સંત પુ. આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજના સાંનિધ્યમાં કોબામાં આ મ્યુઝીયમનું નિર્માણ થયું છે. અહી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ખાતે આવેલા આ મ્યુઝીયમની ઝલક પણ મોદીએ નિહાળી હતી.

વડાપ્રધાને જણાવ્યું કે જયારે ઈતિહાસમાં ડોકીયુ કરીએ છીએ ત્યારે જોઈએ છીએ કે દુનિયામાં અનેક દાર્શનીકોએ જન્મ લીધો. માનવતાના આદર્શો પણ ઘડવામા આવ્યા પરંતુ સવાલ સતા અને શક્તિનો આવ્યો ત્યારે ઘણા શાસકોએ આદર્શ અને મુલ્યોને એકબાજુ મુકી દીધા અને વિચાર તથા વ્યવસ્થામાં એક ખાઈ બની હતી. મોદીએ કહ્યું કે પરંતુ સમ્રાટ સંપતિ એ સેવા અને સાધનાનું કામ કર્યુ છે. અહિંસાનો વિસ્તાર કર્યો છે. સત્ય અને અપરિગ્રહનો પ્રચાર કર્યો છે. અહી મુલ્યોનું રક્ષણ થાય છે.


મોદીએ જય જિનેન્દ્રના જયઘોષ સાથે પોતાના પ્રવચનનો પ્રારંભ કર્યો હતો અને કહ્યું કે મહાવીર જયંતિના પાવન અવસરે મને અહી તક મળી તે મારા માટે એક મોટી ક્ષણ છે. આચાર્ય પદ્મસાગરસૂરીશ્વરજી એ પણ પોતાના સંબોધનમાં જણાવ્યું કે વડાપ્રધાન મોદી ચારિત્ર્યવાન, નિષ્ઠાવાન અને લક્ષને લઈને આગળ વધે છે જેને હું શુભકામના અને આશિર્વાદ આપુ છું.

આ સમારોહને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ સંબોધન કર્યુ.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૯/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૮/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




## ભારતના પાડોશી દેશોમાં યુદ્ધથી સંકટ : ઘણાં દેશોમાં લોકડાઉન જાહેર

ઈરાન, અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ સંઘર્ષની અસર હવે ઘણા દેશો પર થવા લાગી છે. તેલ અને ગેસના પુરવઠામાં થયેલા ઘટાડાને કારણે ઘણા એશિયન દેશોમાં ઇંધણ સંકટ નિર્માણ થયું છે. ઘણા દેશોમાં, પરિસ્થિતિ -૧૯ રોગચાળા દરમિયાન જોવા મળેલા લોકડાઉન જેવી થઈ છે. સરકારો ઇંધણ બચાવવા અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવા માટે કેટલાક પગલાં લઈ રહી છે. પરિણામે, ફિલિપાઇન્સ જેવા દેશોએ હવે રાષ્ટ્રીય ઉર્જા કટોકટી જાહેર કરી છે. ઈરાન સાથેના સંઘર્ષને કારણે ઘણા એશિયન દેશોમાં ઇંધણની અછત સર્જાઈ છે. ભારતના પાડોશી દેશ, પાકિસ્તાનમાં, સ્માર્ટ લોકડાઉન' પહેલાથી જ જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે હવે ફિલિપાઇન્સમાં રાષ્ટ્રીય ઉર્જા કટોકટી જાહેર કરવામાં આવી છે. આ પગલાને ફિલિપાઇન્સમાં અત્યાર સુધી લેવામાં આવેલા સૌથી કડક પગલા તરીકે વર્ણવવામાં આવી રહ્યું છે. આ રાષ્ટ્રીય ઉર્જા કટોકટી જાહેર કરતી વખતે, રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે ઇંધણ કટોકટીની ગંભીરતા અંગે જાહેર ચેતવણી આપી. અહેવાલો અનુસાર, ફિલિપાઇન્સમાં હાલમાં ફક્ત ૪૦ થી ૪૫ દિવસ માટે પૂરતો ઇંધણ ભંડાર છે.

# બિહારના નાલંદામાં શીતળા માતા મંદિરમાં નાસભાગથી ૯ શ્રદ્ધાળુઓના મોત : ૬ ઘાયલ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહારના નાલંદા જિલ્લામાંથી એક અત્યંત દુખદ સમાચાર સામે આવ્યા છે. ચૈત્ર મહિનાના છેલ્લા મંગળવારે શીતલા માતાના મંદિરે દર્શન કરવા ઉમટેલી ભારે ભીડમાં અચાનક નાસભાગ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૯ લોકોના મોત થયા હોવાની પુષ્ટિ થઈ છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. હાલમાં પોલીસ અને વહીવટીતંત્ર દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ, ચૈત્ર માસનો છેલ્લો મંગળવાર હોવાથી શીતલા માતાના મંદિરે વહેલી સવારથી જ હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરમાં પોલીસ અને વહીવટીતંત્રનો બંદોબસ્ત નહિવત હોવાનું જાણવા મળ્યું છે. દર્શન કરવાની ઉતાવળમાં કેટલાક શ્રદ્ધાળુઓએ કતાર તોડીને આગળ વધવાનો પ્રયાસ કરતા અફરાતફરી મચી ગઈ હતી. એકાએક ભીડ બેકાબૂ બનતા લોકો એકબીજા પર પડવા લાગ્યા હતા, જેના પરિણામે આ ભયાનક નાસભાગ સર્જાઈ હતી.

સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ હોનારત પાછળ પોલીસ-પ્રશાસનની ઘોર બેદરકારી જવાબદાર છે. મહત્વની વાત એ છે કે, આ સમયે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પણ નાલંદાની મુલાકાતે છે. તેઓ નાલંદા યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા પહોંચ્યા છે. જેથી સમગ્ર વહીવટીતંત્રનું ધ્યાન રાષ્ટ્રપતિના કાર્યક્રમ અને સુરક્ષા વ્યવસ્થામાં હોવાને કારણે શીતલા મંદિરે પૂરતો બંદોબસ્ત ફાળવવામાં આવ્યો નહોતો, જે અંતે ઘાતક સાબિત થયો.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. તબીબોએ ૮ લોકોને મૃત જાહેર કર્યા છે, જ્યારે અડધો ડઝનથી વધુ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. આ ઘટનાને પગલે સમગ્ર જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું છે અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ ઉઠી રહી છે.

# સુરતમાં એક મકાનમાં ભીષણ આગ લાગતા ૪ મહિલા સહિત ૫નાં મોત

**મુખ્ય સમાચાર, સુરત**

સુરતના લિંબાયત વિસ્તારમાં આવેલી મીઠી ખાડી પાસે એક મકાનમાં અચાનક ભયાનક આગ ફાટી નીકળતા ૫ લોકોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. રહેણાંક મકાનમાં લાગેલી આ આગને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ ફેલાયો છે. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગની ગાડીઓ અને એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે દોડી અને બચાવ કામગીરી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, ઘરમાં સાડીઓનું કામ ચાલતું હતું. જેથી ઘરમાં સાડીઓ પેક કરવાના ફોર્મ સીટ અને સાડીઓનો જથ્થો રાખવામાં આવ્યો હતો. જે દરમિયાન ઈલેક્ટ્રીક સ્વીચ બોર્ડમાં તણખાં ઝરતા આગળ પડેલા ફોર્મમાં આગ લાગી હતી. જો કે, ફોર્મ આગ ન પકડતું હોવાથી ધૂમાડો ફેલાયો હતો. જેથી તેમાં રહેલા કેમિકલ વાળા ધૂમાડાના કારણે ઘરમાં રહેલી ૪ મહિલા સહિત એક બાળકનું ગૂંગળામણથી મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.



મૃતકોના નામ : શહેનાઝ બેગમ અબ્દુલ કલામ અંસારી (ઉં.વ. ૬૫), હુસા બેગમ અબ્દુલ કલામ અંસારી (ઉં.વ.૧૮), શુભાન રમઝાન અલી અંસારી (ઉં.વ. ૪), શબીનાં રમઝાન અલી અંસારી (ઉં.વ. ૨૮), પરવીન અબ્દુલ કલામ અંસારી (ઉં.વ. ૧૯).


# યુદ્ધના સંકટ વચ્ચે કેન્દ્ર સરકારે ઉદ્યોગ જગત માટે રાહત પેકેજની તૈયારી કરી

## રો - મટીરીયલ્સ પરની આયાત જકાતમાં ૨.૫ થી ૫ ટકા સુધીના ઘટાડા સહિત કોરોના કાળ જેવી છુટછાટો આપવા વિચારણા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વના યુધ્ધને કારણે પેટ્રોલીયમ સંકટ સહિતના કારણોસર કોર્પોરેટ જગતને મોટો માર પડી રહ્યો છે ત્યારે કેન્દ્ર સરકારે ઉદ્યોગ જગત માટે રાહત પેકેજ જાહેર કરવાની વિચારણા શરૂ કરી છે. ટેક્સમાં છૂટછાટ અથવા લોન ચુકવણીમાં રાહત જેવા કોઇ સ્વરૂપે આ રાહત પેકેજ જાહેર કરવામાં આવશે.

કેન્દ્રીય વ્યાપાર મંત્રાલય દ્વારા રાહત પેકેજનો મુસદો તૈયાર કરાય રહ્યો છે અને આવનારા દિવસોમાં તેનું એલાન થઇ શકે છે. કેન્દ્ર સરકારના સૂત્રોએ કહ્યું છે કે ઉદ્યોગ જગતને અનેક સ્તરે રાહત આપવાની ચિવારણા કરવામાં આવી રહી છે.



સૌ પ્રથમ ઔદ્યોગિક લોનની પુર્નચુકવણીમાં વધુ સમય આપવામાં આવી શકે છે. કોરોના વખતે પણ સમાન પ્રકારની રાહત આપવામાં આવી હતી. મુખ્યત્વે એમએસએમઇ ક્ષેત્ર માટે આ પ્રકારનું એલાન થઇ શકે છે. ક્યા-ક્યા ઉદ્યોગ ક્ષેત્રોને રાહત આપવી તે વિશે નાણાં મંત્રાલયની આંતરિક સમિતિ આખરી નિર્ણય લેશે.

સૂત્રોએ કહ્યું કે યુધ્ધની અસર ક્યા-ક્યા ક્ષેત્રોમાં કેટલી હદે છે તે વિશે સમીક્ષા કરવામાં આવી રહી છે અને તેના આધારે રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. પ્રારંભિક તબક્કે ત્રણ મહિના માટે લોન રીપેમેન્ટમાં છુટછાટ અપાશે.

યુધ્ધ લાંબુ ચાલવાના સંજોગોમાં સમયગાળો વધારવા પર વિચાર કરવામાં આવશે. તમામ પાસાઓને લક્ષ્યમાં રાખીને અત્યારથી જ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. યુધ્ધ લાંબુ ચાલે તો વધુ કેવા અને કેટલા પગલા લેવા પડશે તેનો પણ પ્લાન તૈયાર થઇ રહ્યો છે.

સરકાર ઈન્વેસ્ટમેન્ટ ક્ષેત્ર પર ખાસ વિચારણા કરી રહી છે. રો-મટીરીયલ્સ પરની આયાત-જકાતમાં અઢી ટકા સુધીની રાહત આપવાની વિચારણા છે. અમુક શ્રેણીમાં પાંચ ટકાની છૂટ અપાશે જે ૩ થી ૬ મહિના સુધી ચાલુ રખાશે. ખાસ કરીને પ્લાસ્ટીક ટેક્સટાઇલ્સ જેવા ક્ષેત્રોમાં વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. રીફંડ પણ ઝડપથી મળે તેવી વ્યવસ્થા થશે.

# કાલથી પાન, ક્રેડિટ કાર્ડ તેમજ એલપીજી સહિત અનેકમાં ફેરફારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં કાલે પહેલી એપ્રિલથી શરૂ થનારું નવું નાણાકીય વર્ષ ફક્ત કેલેન્ડરમાં જ નહીં પણ લોકોના નાણાકીય અને બેન્કિંગ આદતમાં પણ નોંધપાત્ર ફેરફારો લાવશે. આ વખતે સરકાર અને રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા ઘણા નિયમો લાગુ કરી રહી છે જે સેલેરી-સ્લિપથી લઈને તમારા કિચનના બજેટ સુધીની દરેક વસ્તુ પર સીધી અસર કરશે.

સૌથી મોટો ફેરફાર નવા આવકવેરા કાયદા ૨૦૨૫'ના રૂપમાં આવી રહ્યો છે જે દાયકાઓ જૂના ૧૯૬૧ના કાયદાને બદલશે. નવા લેબર-કોડ હેઠળ કંપનીઓએ હવે કર્મચારીનો મૂળ પગાર તેના કુલ સીટીસી (કોસ્ટ ટુ કંપની)ના ઓછામાં ઓછા ૫૦ ટકા રાખવો પડશે. આનો અર્થ એ છે કે પ્રોવિડન્ટ ફન્ડ અને ગ્રેચ્યુઇટી-યોગદાનમાં વધારો થશે. આનાથી રિટાયરમેન્ટ બચતમાં વધારો થશે, જ્યારે માસિક ટેક-હોમ પગારમાં ઘટાડો થઈ શકે છે. જૂની ટેક્સ-પ્રણાલી હેઠળના લોકો માટે હાઉસ રેન્ટ અલાવન્સ મુક્તિ માટેના નિયમો વધુ કડક બન્યા છે. હવે જો તમે વાર્ષિક એક લાખ રૂપિયાથી વધુ ભાડું ચૂકવો છો તો તમારે નવા ફોર્મ ૧૨૪માં મકાનમાલિકનું કાર્ડ અને તેઓ તમારા સંબંધી છે કે નહીં એની જાણકારી આપવી પડશે.

ટૂ-ફેક્ટર ઑથેન્ટિકેશનઃ હવે ઑનલાઇન પેમેન્ટ માટે ફક્ત વન-ટાઇમ પાસવર્ડ પૂરતો રહેશે નહીં. સુરક્ષાનું બીજું સ્તર જેમ કે , બાયોમેટ્રિક (ફિંગરપ્રિન્ટ) અથવા ડિવાઇસ વેરિફિકેશન ફરજિયાત રહેશે.

# રાજયમાં માવઠાની આગાહી વચ્ચે રાજકોટ સહિત અનેક શહેરોના હવામાનમાં પલ્ટો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજયમાં માવઠાની આગાહી વચ્ચે આજે પણ સવારથી રાજકોટ સહિત અનેક શહેરોમાં હવામાન પલ્ટો નજરે પડયો હતો અને સવારથી જ વાદળછાયુ હવામાન સાથે ૧૦ થી ૧૨ કિ.મી.ની ઝડપે ભેજવાળો પવન ફુંકાયો હતો તેમજ ગઇકાલે પણ પવનનાં જોર વચ્ચે ગરમીમાં રાહત રહેવા પામી હતી.



અમરેલી જિલ્લામાં ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે ગઈકાલે ફરી એક વખત અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. જિલ્લાના છેવાડાના ગામોમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદ ખાબકતા લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી હતી.

લાઠી તાલુકાના દામનગર પંથકમાં અચાનક વાદળછાયા માહોલ વચ્ચે વરસાદ શરૂ થયો હતો. દામનગર સાથે ઠાસા, સુવાગઢ, ભટ્ટવદર, મૂળીયાપાટ અને રાભડા ગામોમાં પણ વરસાદ વરસ્યો હતો.

જ્યારે લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને એકલારા અને ઢાંગલા ગામોમાં ઝાપટાં પડતા ખેડુતોમાં ચિંતા સાથે રાહતનો માહોલ જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, રવિવારે સાવરકુંડલા અને ખાંભા પંથકમાં કમોસમી વરસાદ બાદ આજે દામનગર અને લીલીયા વિસ્તારમાં વરસાદ વરસતા હવામાનમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમીથી ત્રસ્ત લોકો માટે વરસાદ રાહતરૂપ બન્યો છે, તો બીજી તરફ આ કસમયે પડતા વરસાદને કારણે ખેતી પાકોને નુકસાન થવાની ભીતિ ખેડુતોમાં ઊભી થઈ છે. દરમ્યાન ગઇકાલે રાજકોટ સહિતનાં જુદા જુદા શહેરોમાં ગરમીમાં થોડી રાહત રહેવા પામી હતી. રાજકોટમાં ૩૭.૭, સુરતમાં ૩૭.૨, વેરાવળમાં ૩૧.૮, પોરબંદરમાં ૩૨.૬ તથા અમદાવાદમાં ૩૭.૬, અમરેલીમાં ૩૮.૫, વડોદરામાં ૩૭.૪ તથા ભાવનગરમાં ૩૫.૨, ભુજમાં ૩૪.૫, ડાંગમાં ૩૫.૪ અને ડિસામાં ૩૫ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

# ગલ્ફ યુદ્ધ વધુ ખતરનાક બન્યું : ઈરાનના અણુ સીટી ઈસ્ફાન પર બોમ્બ ઝીકતુ અમેરિકા

**મુખ્ય સમાચાર, તહેરાન**

ગલ્ફ યુદ્ધના બીજા માસમાં પ્રવેશ વચ્ચે હજું પણ વાટાઘાટની ચર્ચાને એકબાજુ ધકેલીને ઈરાને ઈઝરાયેલ તથા ખાડીના દેશો પર હુમલા વધુ તિવ્ર બનાવ્યા છે તો અગાઉ ૧૦ દિવસના યુદ્ધ વિરામની જાહેરાત કરનાર અમેરિકાએ પણ હવે ઈરાનના મહત્વના ઈસ્લામીક સંસ્કૃતિ ધરાવતા અને દેશના ત્રીજા નંબરના સૌથી મોટા શહેર ઈસ્ફહાન પર ૨૦૦૦ પાઉન્ડનો બંકર બ્લસ્ટર બોમ્બ ઝીકીને યુદ્ધને વધુ તીવ્ર બનાવ્યુ છે.

ઈરાન પર ૧૦ દિવસ આક્રમણ નહી કરવાની જાહેરાત કરનાર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખુદે આ હુમલાનો વિડીયો જાહેર કર્યો છે.



જેમાં આ ભારેખમ બોમ્બ ઝીકાયા બાદ આ શહેરમાં ઉડતા કાળા ધુમાડા, આગની જવાળાઓ દર્શાવાઈ છે.

આ શહેર ઈરાનના અણુ કાર્યક્રમ સાથે જોડાયેલું છે તથા તે મહત્વના લશ્કરી મથકો ધરાવે છે જે રીતે પ્રમુખ ટ્રમ્પ ઈરાનના ક્રુડતેલ પર અંકુશ ધરાવતા અને તેના સમૃદ્ધ યુરેનીયમને કબ્જામાં લેવા માંગે છે.

તે સંદર્ભમાં અમેરિકાનો આ હુમલો મહત્વનો છે. આ ક્ષેત્ર એરોસ્પેસ- વિમાન ઉત્પાદન કેન્દ્ર તરીકે પણ જાણીતું છે અને તે ઈરાનનું ખૂબ જ વ્યુહાત્મક શહેર ગણાય છે.

બીજી તરફ ઈરાને ઈઝરાયેલના પાટનગર યેરૂસલામ પર પણ મોટા હુમલા ચાલુ જ રાખ્યા છે.


ઈરાને અહી શક્તિશાળી ૧૦ મિસાઈલ દાગી હતી જેના કારણે પુરા શહેરમાં જબરા વિસ્ફોટ સંભળાયા હતા. ઈઝરાયેલની એરડિફેન્સ સીસ્ટમ કેટલા મિસાઈલને હવામાં તોડી શકે છે તે જ મોટો પ્રશ્નાર્થ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં ઉદ્યોગપતિ પર હુમલા કેસમાં અજય લોરીયાની અટકાયત

## રૂ.૨૫ લાખની લેતીદેતી મુદ્દે બોલાવી ધોકાથી હુમલો, બેને ઈજા, પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ઉદ્યોગપતિ શેખરભાઈ આદ્રોજા પર રૂ.૨૫ લાખની ધંધાકીય લેતીદેતી મામલે બોલાવી હુમલો કરવાના કેસમાં આરોપી અજય લોરીયાની પોલીસે અટકાયત કરી છે. ઘટનામાં શેખરભાઈને બન્ને હાથમાં ફ્રેક્ચર અને તેમના મિત્રને માથામાં ઈજા પહોંચી હતી. હાલ સીટી એ ડિવિઝન પોલીસે હત્યાની કોશિશ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

મોરબી શહેરમાં ગત તા.૨૯/૦૩ના રોજ મોડી રાત્રે બનેલી ગંભીર હુમલાની ઘટનામાં પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી કરતા આરોપી અજયભાઈ મનસુખભાઈ ઉર્ફે પોપટભાઈ લોરીયાની અટકાયત કરી છે. ફરિયાદ મુજબ રવાપર રોડ એવન્યુ પાર્કમાં રહેતા મેટ્રો સિરામિક ગ્રુપના ઉદ્યોગપતિ શેખરભાઈ રતીલાલભાઈ આદ્રોજા ઉવ.૪૬એ અજય લોરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી પાસેથી શેખરભાઈને લાંબા સમયથી ધંધાકીય લેતી દેતીના રૂ.૨૫ લાખ લેવાના હતા, પરંતુ આરોપી વારંવાર બહાના બતાવતો હતો. ઘટનાના દિવસે પૈસા પરત આપવા વાયદો કરીને પણ ચુકવણી ન કરતા, શેખરભાઈએ ફોન કરતા આરોપીએ તેમને રાત્રીના સમયે સરદારબાગ નજીક ભારત ટ્રાન્સપોર્ટના ગોડાઉન પાસે બોલાવ્યા હતા. ત્યારે શેખરભાઈ તેમના મિત્ર જયેશભાઈ ઉર્ફે મુન્નાભાઈ પાડલીયા સાથે ઈનોવા કારમાં ત્યાં પહોંચતા, આરોપી અજય લોરીયા પહેલેથી હાજર હતા.

ત્યારબાદ આરોપીએ પોતાની મર્સીડિઝ કારમાંથી ધોકો કાઢી શેખરભાઈ અને તેમના મિત્ર પર હુમલો કર્યો હતો. હુમલામાં શેખરભાઈના બંને હાથમાં ફ્રેક્ચર થયું હતું, જ્યારે જયેશભાઈના માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. ત્યારબાદ ગઈકાલ તા.૩૦/૦૩ના રોજ પોલીસે અજય લોરીયાની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી છે. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ ચલાવી છે.

# ઉનાના નાથળ ગામે બાજરાના પાક વચ્ચે થતી ગાંજાની ખેતી ઝડપાઈ : ગીર સોમનાથ SOGની મોટી કાર્યવાહી

### બાતમીના આધારે દરોડો પાડી અંદાજે ૪૦ જેટલા લીલા ગાંજાના છોડ જપ્ત કર્યા



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નાથળ ગામે એક ખેતરમાં બાજરાના પાકની આડમાં કરવામાં આવતી ગાંજાની ખેતી પર પોલીસે દરોડો પાડી મુદ્દામાલ જપ્ત કર્યો છે બાજરાના પાક વચ્ચે છુપાવી હતી ખેતીમળતી વિગતો મુજબ, નાથળ ગામની સીમમાં એક ખેતરમાં અન્ય પાકની આડમાં ન શાકારક ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હોવાની ચોક્કસ બાતમી SOGને મળી હતી. બાતમીના આધારે ટીમે તપાસ હાથ ધરતા બાજરાના પાક વચ્ચે ઉગાડવામાં આવેલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. સામાન્ય નજરે કોઈને શંકા ન જાય તે રીતે આ ગેરકાયદેસર ખેતી કરવામાં આવી રહી હતી ૪૦ જેટલા છોડ જપ્ત, NDPS હેઠળ ગુનો દાખલ પોલીસ કાર્યવાહી દરમિયાન અંદાજે ૪૦ જેટલા લીલા ગાંજાના છોડ જપ્ત કરવામાં આવ્યા છે આ મામલે પોલીસે ખેતરના માલિક વિરુદ્ધ NDPS એક્ટ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ નશાકારક પદાર્થનું વાવેતર ક્યારથી કરવામાં આવતું હતું અને તેના વેચાણમાં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે ગીર સોમનાથ SOGની આ સફળ કામગીરીથી નશાના સોદાગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે પોતાના વયનિવૃત્તિ પ્રસંગે કલેક્ટર કચેરી ખાતે ઘોડિયાઘરનો પ્રારંભ કરાવ્યો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે પોતાની લાંબી અને નોંધપાત્ર સરકારી સેવાનો કાર્યકાળ પૂર્ણ કરતા વયનિવૃત્તિના અવસરે એક સકારાત્મક પહેલરૂપે કલેક્ટર કચેરી ખાતે ઘોડિયાઘરનો પ્રારંભ કરાવ્યો હતો.જિલ્લા કલેક્ટરએ પોતાના સેવાકાળ દરમિયાન જિલ્લાના સર્વાંગી વિકાસ, પારદર્શિતા અને લોકોમુખી વહીવટ માટે કરેલા પ્રયત્નોની સૌએ પ્રશંસા વ્યક્ત કરી હતી.ઘોડિયાઘર બાળ સંભાળ કેન્દ્રના પ્રારંભથી કામકાજ કરતી માતાઓને ખાસ સહાય મળશે અને બાળકોને સુરક્ષિત અને સંવેદનશીલ વાતાવરણમાં સંભાળની સુવિધા ઉપલબ્ધ થશે. અહીં બાળકો માટે મનોરંજનના સાધનો, બેડ અને પારણાંની વ્યવસ્થા રાખવામાં આવી છે. આ પહેલ મહિલાઓના સશક્તિકરણ અને કામકાજમાં તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપતી સાબિત થશે.

આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં નિવાસી અધિક કલેક્ટર શારદા કાથડ,અધિકારીઓ, કર્મચારીઓ, બાળકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સમાણાના પત્રકારને અહેવાલ પ્રસિદ્ધ કરવા બદલ શેઠવડાળાના શખ્સે ફોન પર ધમકી આપી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જામજોધપુરના સમાણા ગામના એક આસામીએ ખનીજચોરી થતી હોવાનો અહેવાલ પોતાના સમાચાર સાપ્તાહિકમાં સોશિયલ મીડિયા પર પ્રસિદ્ધ કર્યા પછી એક આસામીની ખાણ પર દરોડો પડ્યો હતો અને દંડ ફટકારવ-ામાં આવ્યો હતો જેના કારણે ઉશ્કેરાયેલા ખાણ માલિકે તારા કારણે દરોડો પડ્યો છે અને દંડ આવ્યો છે તે તારે ભરવાનો છે તેમ કહી ફોન પર ગાળો ભાંડી ધમકી આપતા પોલીસમાં ફરિયાદ કરાઈ છે.જામજોધપુર તાલુકાના સમાણા ગામમાં રહેતા અને પત્રકાર તરીકે કામ કરતા જીતેન્દ્રભાઈ મોહનભાઈ પરમાર નામના યુવાને થોડા દિવસ પહેલા જામજોધપુર તાલુકાના જુદા જુદા ગામોમાં થતી ખનીજચોરી અંગે અહેવાલ બનાવી પોતાના સમાચાર પત્રની સોશિયલ મીડિયા આવૃત્તિમાં પ્રસિદ્ધ કર્યો હતો. તે અહેવાલ પ્રસિદ્ધ થયા પછી તંત્ર દ્વારા શરૂ કરાયેલા ચેકિંગમાં શેઠવડાળા ગામના અતુલભાઈ ચંદુભાઈ રાઠોડ નામના શખ્સની ગેરકાયદેસર ખાણ ઝડપાઈ જવા પામી હતી અને તેને ખાણ ખનીજ ખાતા દ્વારા દંડ ફટકારવામાં આવ્યો હતો. ત્યારપછી અતુલભાઇ રાઠોડે તારા અહેવાલના કારણે મારે દંડ ભરવાનો આવ્યો છે તેથી તારે દંડ ભરવો પડશે, નહીતર તારા હાથ-પગ ભાંગી નાખીશ અને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી ફોન પર ગાળો ભાંડતા જીતેન્દ્રભાઈ પરમારે શેઠવડાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાનું હાર્ટ એટેકથી નિધન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાનું ગતરાત્રે અચાનક હાર્ટ એટેક આવતા નિધન થયું છે. તેમના અવસાનથી કોંગ્રેસ કાર્યકરો અને આગેવાનો તેમજ પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

મોરબી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયાનું ગતરાત્રે અચાનક હાર્ટ એટેક આવતા દુઃખદ નિધન થયું હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ તેઓ હાઉસિંગ બોર્ડ વિસ્તારથી મહેન્દ્રનગર, વોર્ડ નંબર ૪ ખાતે એક કાર્યકરની મુલાકાતે ગયા હતા. ત્યાં ચર્ચા દરમિયાન જ તેમને અચાનક ગંભીર હાર્ટ એટેક આવ્યો હતો. આકસ્મિક તબિયત બગડતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી, પરંતુ હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલાં જ તેમનું અવસાન થયું હતું. તેમના નિધનની ખબર મળતા જ કોંગ્રેસના કાર્યકરો અને આગેવાનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી અને મોટી સંખ્યામાં લોકો મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે કિશોરભાઈ ચીખલીયાએ જીવનકાળ દરમિયાન ચક્ષુદાનનો સંકલ્પ કર્યો હતો, જેના અનુસંધાને તેમના પાર્થિવ દેહને મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં કાર્યકરો અને શુભેચ્છકો ઉમટ્યા હતા. કિશોરભાઈ તેમના મિલનસાર સ્વભાવ, સક્રિય કાર્યશૈલી અને લડાયક નેતા તરીકે જાણીતા હતા. તેમના અચાનક નિધનથી ચીખલીયા પરિવાર સાથે સમગ્ર કોંગ્રેસ પરિવારમાં ઊંડો શોક વ્યાપી ગયો છે.

# વાંકાનેરમાં મિત્રના હાથે મિત્રની હત્યા કેસમાં આરોપીને આજીવન કારાવાસની સજા



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી ખાતે વર્ષ ૨૦૨૩માં પૈસાની લેતીદેતી મામલે થયેલા ઝઘડામાં મિત્રના હાથે મિત્રની છરી વડે હત્યા કરનાર આરોપીને મોરબી સેશન્સ કોર્ટે દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે. ઘટનામાં કોર્ટે સરકારી વકીલની દલીલક તથા મૌખિક અને દસ્તાવેજી પુરાવાને આધારે આરોપીને સજા સાથે દંડ પણ ફટકાર્યો છે.

વાંકાનેરમાં પૈસાની લેતીદેતી મામલે મિત્રે જ મિત્રની છરી વડે કરેલી હત્યા કેસમાં મોરબીની બીજા એડિશનલ સેશન્સ કોર્ટે આરોપીને દોષિત ઠેરવી આજીવન કારાવાસની સજા ફટકારી છે. કેસની વિગતો મુજબ, આરોપી જીતેન્દ્રસિંહ ઉર્ફે જેકીભાઈ મંગળસિંહ રાજાવત રહે.હાલ રંગપર તા. વાંકાનેર મૂળ મધ્યપ્રદેશ વાળા અને મરણ જનાર રાજુકુમાર જીવલાલ પ્રજાપતી રહે.રાજકોટ વાળા બંને મિત્રો હતા અને સાથે કલરકામની મજૂરી કરતા હતા. ત્યારે ગત તા. ૨૧ માર્ચ ૨૦૨૩ના રોજ સવારે સાડા દસથી અગિયાર વાગ્યાના સમયગાળામાં વાંકાનેર બાઉન્ડ્રી નેશનલ હાઈવે રોડ પાસે ગોલાઈની ઝાડીઓમાં મરણ જનાર રાજુકુમાર ભાડા સહિતના ખર્ચા ચૂકવતો હતો અને તે પૈસા માંગતા બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. જે બાદ ઝઘડો વધતા આરોપી જીતેન્દ્રસિંહે પોતાની પાસે રહેલી છરી વડે રાજુકુમારના ગળાના ભાગે ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી, જેના કારણે તેનું મોત નીપજ્યું હતું.

આ કેસ મોરબીની બીજા એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા, જેમાં સરકારી વકીલ સંજયભાઈ દવે દ્વારા કાયદાકીય દલીલો રજૂ કરવામાં આવી હતી. સાથે જ ૧૬ મૌખિક અને ૪૨ દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. ત્યારે તમામ પુરાવાઓ અને દલીલોને ધ્યાને લઈને બીજા એડિશનલ સેસન્સ કોર્ટના જજ સાહેબે આરોપી જીતેન્દ્રસિંહ રાજાવતને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે આરોપીને આજીવન કેદની સજા સાથે રૂપિયા ૫ હજારનો દંડ ફટકાર્યો હતો.


# મોરબીમાં મિલકતવેરા ભરવાની છેલ્લી તક, બાદમાં ૧૮% વ્યાજ લાગુ પડશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરા ભરવા માટે ૩૧ માર્ચ એટલે કે માત્ર એક દિવસ બાકી હોવાનું જાહેર કરી નાગરિકોને તાત્કાલિક વેરો ભરવા અપીલ કરી છે. નિર્ધારિત સમયમર્યાદા બાદ બાકી રકમ પર ૧૮% વ્યાજ વસૂલવામાં આવશે તેવી તાકીદ કરી છે.

મોરબી મહાનગરપાલિકાએ શહેરના તમામ મિલકતધારકોને સૂચના આપી છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નો પ્રોપર્ટી ટેક્સ ભરવા માટે હવે માત્ર એક દિવસનો સમય બાકી રહ્યો છે. જે નાગરિકોએ હજુ સુધી વેરો ભર્યો નથી, તેઓએ તરત જ પોતાની બાકી રકમ જમા કરાવવી જરૂરી છે. મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે કે નાગરિકો ટેક્સ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, કલસ્ટર ઓફિસો તેમજ ઓનલાઈન પોર્ટલ મારફતે પણ ભરી શકે છે. ખાસ કરીને તા.૩૧/૦૩/૨૦૨૬ સુધી રજાના દિવસોમાં પણ ટેક્સ ભરવાની સુવિધા ઉપલબ્ધ રાખવામાં આવી છે. ત્યારે અંતિમ દિવસોમાં ભીડ અને વિલંબને કારણે વધારાની મુશ્કેલી ટાળવા તથા ૧૮% વ્યાજની પેનલ્ટીથી બચવા માટે નાગરિકોને તાત્કાલિક વેરો ભરવા અપીલ કરવામાં આવી છે.

# મોરબીમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા અનુસૂચિત જાતિ સમાજ દ્વારા ભારતના બંધારણના ઘડવૈયા વિશ્વ રત્ન મહામાનવ ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૩૫મી જન્મજયંતિ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનને સફળ બનાવવા માટે સમાજના આગેવાનો અને સભ્યોની બેઠક ગઈકાલે યોજાઈ હતી, જેમાં સમાજના બંધુઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

દર વર્ષે મુખ્ય રેલી રેલ્વે સ્ટેશન રોડ સમાજવાડી મોરબીથી શરૂ થતી હતી, પરંતુ હાલ રોડના કામને કારણે આ વખતે રેલીનો રૂટ બદલવામાં આવ્યો છે. નવા આયોજન મુજબ તા.૧૪/૦૪/૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યે વીસી ફાટક વી.સી. હાઈસ્કૂલથી રેલી પ્રસ્થાન કરશે. ત્યારબાદ ગેસ્ટ હાઉસ રોડ, ત્રિકોણબાગ, નગર દરવાજા ચોક માર્ગે પસાર થઈને કોર્પોરેશન ચોક ગાંધી ચોકે ડો.બાબા સાહેબ આંબેડકરજીના સ્ટેચ્યુ ખાતે સમાપ્ત થશે. શોભાયાત્રા શાંતિપૂર્ણ અને શિસ્તબદ્ધ રીતે યોજાય તેમજ પર્યાવરણનું સંરક્ષણ થાય તે માટે સમાજ દ્વારા કેટલીક મહત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી છે.

જેમાં રેલી દરમિયાન ફટાકડા ફોડવા પર પ્રતિબંધ, કોઈપણ પ્રકારના કલર ઉડાડવા નહીં, તેમજ સાથે લાવવા નહીં એવી વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત, રેલી દરમિયાન બાઈક (બુલેટ)ના સાઈલેન્સરથી મોટા અવાજો ન કરવા તેમજ કોઈપણ પ્રકારના હથિયારો લાવવાને પણ મનાઈ કરવામાં આવી છે. આ ભવ્ય શોભાયાત્રામાં અનુસૂચિત જાતિ/જનજાતિ સમાજ સાથે સાથે અન્ય સમાજના લોકો, વેપારી મંડળને પણ બહોળી સંખ્યામાં જોડાવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જામનગરમાં ૨૧ લાખથી વધુના દારૂના જથ્થાનો નાશ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ દ્વારા જુદા જુદા ચાર પોલીસ મથક દ્વારા પકડવામાં આવેલા રૂ.૨૧ લાખથી વધુની કિંમતના દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.આ વેળાએ પોલીસના અધિકારીઓ તેમજ નશાબંધી આબકારી અધિકારી પણ ઉપસ્થિત રહ્યા હતા.લાલપુર ડિવિઝનમાં સમાવિષ્ટ લાલપુર પોલીસ સ્ટેશન, મેઘપર પોલીસ સ્ટેશન તેમજ શેઠવડાળા અને જામજોધપુર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં જુદા જુદા સમયે ઝડપાયેલી ઈંગ્લીશ દારૂની બોટલ તથા ચપટા અને ટીન મળી ૪૨૭૫ નંગ બોટલનો નાશ કરવા માટે મંજૂરી માંગવામાં આવી હતી.

આ માટેની પરવાનગી મળતા સરકારી કમિટીના અધ્યક્ષ અને લાલપુરના એસડીએમ એસ.જે. અસ્વાર, એએસપી પ્રતિભા, નશાબંધી અને આબકારી વિભાગના એસ.સી. વાળા,પીઆઈ જે.જે. ચાવડા, વી.એસ. પટેલ, એ.એસ. રબારી, કે.એલ.ગળચરની ઉપસ્થિતિમાં લાલપુરની ઢાંઢર નદીના કાંઠે રૂ.૨૧,૯૫,૦૧૨ની કિંમતના દારૂના જથ્થાનો નાશ કરાયો હતો.લાલપુર પોલીસ મથક દ્વારા કબજે કરાયેલી ૩૮ બોટલ, જામજોધપુર પોલીસ દ્વારા ઝબ્બે લેવાયેલી નાની મોટી ૩૮૨૦ બોટલ, શેઠવડાળા પોલીસ સ્ટેશન દ્વારા પકડવામાં આવેલી ૨૧૫ બોટલ તથા મેઘપર પોલીસ દ્વારા ઝબ્બે લેવાયેલી નાની મોટી દારૂની ૨૦૨ બોટલ પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.

# વાંકાનેરના જોધપર ખારી પુલ પાસે જેસીબીની ઠોકરે રીક્ષા પલ્ટી જતા એકનું મોત, ચાર ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર નજીક જોધપર ખારી પુલ પાસે જેસીબીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી આવી, જોરદાર કાવું મારતા બાજુમાંથી પસાર થતી સીએનજી રીક્ષાને સાઈડમાંથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં રીક્ષા પલટી મારી જતા, જેમાં રીક્ષામાં સવાર ચાલક સહિત તમામ રોડ ઉપર પટકાયા હતા. જેમાં એક મહિલાનું માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે રીક્ષા ચાલક સહિત ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જી જેસીબી ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

વાંકાનેર તાલુકાના જોધપર ખારી પુલ નજીક બનેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક મહિલાનું મોત નીપજ્યું છે જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. બનાવ અંગે વાંકાનેર તાલુકાના કોઠી ગામે રહેતા કાનાભાઈ નાગજીભાઈ ચાવડા ઉવ.૨૨એ વાંકાનેર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે, ગઈ તા.૨૭/૦૩ના રોજ સાંજે તેઓ પોતાની સીએનજી રીક્ષા નં. જીજે-૦૩-બીયુ-૭૩૧૯ લઈને થાન ચોકડી પાસે આવેલા હેમપેન્ટ કારખાનેથી પોતાના ગામ કોઠી તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમની સાથે તેમની બહેનો રેખાબેન અને સોનલબેન તેમજ કૌટુંબિક બહેનો આરતીબેન અને માનસીબેન બેઠેલા હતા. જે બાદ જોધપર ખારી પુલ પાસે નવા પેટ્રોલ પંપ સામે પહોંચતા, તે દરમિયાન જેસીબી નં. જીજે-૧૩-એડી-૨૧૦૯ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવી કાવું મારી રીક્ષાને સાઇડમાંથી જોરદાર ઠોકર મારી હતી. આ કારણે રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માત-માં રીક્ષા ચાલક કાનાભાઈના બહેન રેખાબેનને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત થયું હતું. ઉપરાંત સોનલબેનને નાકમાં ફેક્ચર, જ્યારે અન્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાંકાનેર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ બાદ જેસીબી ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી નાસી ભાગી ગયો હતો. હાલ બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી જેસીબી ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની અટક જારવા ચક્રો ગતિમાન કર્યા છે.

# માળીયા(મી)ના મોટા દહીંસરામાં હત્યાની કોશિશના આરોપીના ઘરમાંથી પિસ્તોલ અને કારતૂસ પકડાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) પોલીસ દ્વારા હત્યાની કોશિશના ગુનામાં રીમાન્ડ પર રહેલા આરોપીના ઘરમાં દરોડો પાડી દેશી બનાવટની પિસ્તોલ અને ૯ જીવતા કારતૂસ કબ્જે કરવામાં આવ્યા છે. પોલીસે આ મામલે અલગથી હથિયારધારા હેઠળ વધુ એક ગુનો નોંધ્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

માળીયા(મી) તાલુકાના મોટા દહીંસરા ગામે હત્યાની કોશિશના ગુનામાં પોલીસ રીમાન્ડ ઉપર રહેલા આરોપી કીશોરભાઈ દેવદાનભાઈ લોખીલ ઉવ.૩૭ રહે. મોટા દહીંસરા તા.માળીયા(મી) વાળાના રહેણાંક મકાનમાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેમના કબ્જામાંથી દેશી બનાવટની પિસ્તોલ નંગ-૧ કિ.રૂ.૫ હજાર તથા જીવતા કારતૂસ નંગ-૯ કિ.રૂ.૯૦૦/-એમ કુલ રૂ.૫,૯૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પોલીસે હથિયાર અને કારતૂસ કબ્જે કરીને આરોપી વિરુદ્ધ હથિયારધારા હેઠળ વધુ એક અલગથી ગુનો નોંધ્યો છે. હાલ પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લીધી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠકકરે સખી વન સ્ટોપ સેન્ટરની મુલાકાત લઇ ૧૧ દીકરીઓને દીકરી વધામણા કીટ અને આંગણવાડીની બાળકીઓને એજ્યુકેશન કીટનું વિતરણ કરી બાળકીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સખી વન સ્ટોપ સેન્ટરમાં રહેલ મહિલાઓ પાસેથી તેમની કામગીરી અંગે કલેકટરએ જાણકારી મેળવી હતી તથા સંસ્થાના કાર્ય માટે પ્રશંસા વ્યક્ત કરી હતી.આ મુલાકાત દરમિયાન કલેક્ટરએ દીકરીઓના વાલીઓને આત્મવિશ્વાસ સાથે જીવનમાં આગળ વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દરેક દીકરીમાં અનંત શક્તિ સમાયેલ છે અને યોગ્ય માર્ગદર્શન તથા સંવેદનશીલ સહયોગથી તેઓ જીવનમાં ઉચ્ચ સિદ્ધિઓ હાંસલ કરી શકે છે. સમાજના દરેક વર્ગે દીકરીઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે આગળ આવવું જોઈએ તેવી પણ તેમણે અપીલ કરી હતી. કલેક્ટરએ બાળકીઓ સાથે સમય વિતાવી તેમને જીવનમાં આગળ વધવા માટે આશીર્વાદ આપ્યા હતા.આ પ્રસંગે મહિલા અને બાળ અધિકારી પૂજા ડોડીયા તેમજ સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફ હાજર રહ્યા હતા.

# મોરબી-જેતપર હાઈવે પર ટ્રેલરની અડફેટે શાકભાજી લેવા ગયેલ મજૂરનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-જેતપર હાઈવે ઉપર માર્ગ અકસ્માતના બનાવમાં પાવડીયાળી નજીક શાકભાજી લેવા ચાલીને જતા મૂળ ઝારખંડના વતની શ્રમિકનું ટ્રેલરની અડફેટે આવી જતા મૃત્યુ નીપજ્યું હતું. જેમાં રોડ ઉપર ટ્રેલરના ચાલકે પોતાના વાહનનો અચાનક ટર્ન લેતા ક્લીનર સાઈડનો ટાયરનો જોટ્ટો રાહદારીને માથા ઉપર ફરી વળતા સ્થળ ઉપર જ શ્રમિક યુવકનું કરૂણ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે મૃતકની પત્નીની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. મોરબીના રંગપર ગામની સીમમાં આવેલ વેન્ટો સિરામિક કારખાનાની લેબર કોલોનીમાં રહેતા શુકરમની દુર્ગા તુબિડે ઉવ.૨૯ મૂળ ઝારખંડના વતનીએ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, મૃતક દુર્ગા તુબિડ (મૂળ ઝારખંડ) વેન્ટો કારખાનામાં મજૂરી કામ કરતો હતો. ત્યારે ગઈકાલ તા.૩૦/૦૩ના રોજ સાંજના સમયે તે શાકભાજી લેવા ગયેલો અને પાવડીયાળી કેનાલ તરફથી પગપાળા જઈ રહ્યો હતો. ત્યારે ટ્રેલર રજી.નં. જીજે-૦૩-બીડબ્લ્યુ-૪૪૩૩ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અચાનક ટર્ન મારતા દુર્ગાને અડફેટે લીધો હતો. અકસ્મતમાં દુર્ગાને માથા, મોઢા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ બાદ સ્થાનિક લોકો દ્વારા એમ્બ્યુલન્સ બોલાવી તેને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ઘટના અંગે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ તેમજ મોટર વાહન અધિનિયમની કલમ હેઠળ આરોપી ટ્રેલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ૩૮ વર્ષના કાર્યકાળ બાદ વય નિવૃત થતા સહાયક માહિતી નિયામક રઝાકભાઈ ડેલાને વિદાયમાન અપાયું

## સાથી અધિકારીઓ અને કર્મચારીઓએ સંસ્મરણો વાગોળ્યા અને નિવૃત્તિ જીવનની શુભેચ્છા પાઠવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટ ખાતે સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસીયાની અધ્યક્ષતામાં સહાયક માહિતી નિયામક (વહીવટ) રઝાકભાઈ ડેલાનો વય નિવૃતિ વિદાયમાન કાર્યક્રમ યોજાયો હતો. ૩૮ વર્ષના દીર્ઘ અને સફળ કાર્યકાળ બાદ રઝાકભાઈને શ્રીફળ-પડો, શાલ અને સ્મૃતિ ભેટ આપીને વિદાયમાન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસીયાએ રઝાકભાઈની કાર્યકુશળતા અને અનુભવોને સાથે લઈને કામગીરી પૂર્ણ કરવાની ભાવનાની પ્રશંસા કરી હતી. નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદીએ રઝાકભાઈના વહીવટી જ્ઞાન, કાર્ય નિપુણતા અને કર્મચારીઓને તૈયાર કરવાની આગવી કુશળતાને બિરદાવી હતી. તેમજ સહાયક માહિતી નિયામક રઝાકભાઈએ નિવૃત્તિ વેળાએ સાથી કર્મયોગીઓ અને પરિજનો સાથેના અનુભવો તાજા કર્યા હતા તથા માહિતી કચેરી પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી હતી.

ઉલ્લેખનીય છે કે, શ્રી રઝાકભાઈ ૧૫ નવેમ્બર, ૧૯૮૮ના રોજ જામનગર જિલ્લાના ભાટિયા ગામમાં જુનિયર ક્લાર્ક તરીકે માહિતી ખાતામાં જોડાયા હતા. ત્યારબાદ તેમણે મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ગાંધીનગર અને રાજકોટમાં સુપેરે ફરજ નિભાવી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિતોએ રઝાકભાઈ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા અને તેમને નિવૃત્તિ જીવનની શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ દવેએ કર્યું હતું. આ તકે સૌરાષ્ટ્રની વિવિધ જિલ્લા માહિતી કચેરીના વર્તમાન અને નિવૃત અધિકારીઓ-કર્મચારીઓ અને પરિજનો ઉપસ્થિત રહ્યા હતા.

# માનવ ઉત્કર્ષ મહોત્સવ ઉપક્રમે યોજાયો 'એકતા સમારોહ'

## સમાજના શ્રેષ્ઠિઓ અને અગ્રણીઓનો એક જ સૂર.. 'માનવ ઉત્કર્ષ મહોત્સવ' સમગ્ર રાજકોટનો ઉત્સવ : રાજકોટમાં ક્યારેય ન ઉજવાયો હોય એવો હશે 'માનવ ઉત્કર્ષ મહોત્સવ'



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર રાજકોટ દ્વારા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આવનારા દિવસો તારીખ ૧૧ થી ૧૭ એપ્રિલ દરમિયાન રાજકોટના રેસકોર્સ મેદાનમાં યોજાનારા 'માનવ ઉત્કર્ષ મહોત્સવ' જેમાં બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત અને આંતરરાષ્ટ્રીય વક્તા પૂજ્ય અપૂર્વમુનિ સ્વામી વિધ-વિધ વિષયો ઉપર રાજકોટવાસીઓને અનેરી પ્રેરણા તેમજ માર્ગદર્શન પૂરું પાડશે. આ મહોત્સવ અંતર્ગત તા.૨૯ માર્ચ, રવિવારના રોજ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર કાલાવડ રોડ રાજકોટ ખાતે સાંજે ૫:૩૦ થી ૭:૩૦ દરમિયાન શહેરના વિવિધ અગ્રણીઓનો 'એકતા સમારોહ' યોજવામાં આવ્યો હતો.

આ સમારંભના પ્રારંભિક તબક્કામાં પૂજ્ય અપૂર્વમુની સ્વામી એ 'UNITY IN DIVERSITY' કહેતા વિવિધતામાં એકતા વિષયક પ્રેરણાદાયી વક્તવ્યથી વર્તમાન સમયમાં ચાલતા પ્રશ્નો, સમસ્યાઓ અને કઠિનાઈઓ વચ્ચે કેવી રીતે એકતા રાખી સમાજ અને રાષ્ટ્રના ઉત્કર્ષ તરફ આગળ વધવાનું છે તે અનુરૂપ અદભુત માર્ગદર્શન રસપ્રદ વીડિયો સાથે પૂરું પાડ્યું હતું.

ત્યારબાદ આ સમારોહમાં ઉપસ્થિત શહેરના અનેક સમાજના અગ્રણીઓએ એકતાના ભાવ સાથે માનવ ઉત્કર્ષ મહોત્સવથી રાજકોટને પ્રકાશિત કરવા અને તેમાં સાથ-સહકાર આપવા માટે કટિબદ્ધ બની પૂજ્ય સંતો સાથે દીપ પ્રાગટ્ય કર્યું હતું.

રાજકોટ શહેરના અનેક અગ્રણીઓએ BAPS સ્વામિનારાયણ સંસ્થાના ભેદભાવ રહિત અને માનવ માત્રના ઉત્કર્ષના આ કાર્યમાં જોડાવા માટે સહુ કોઈને અપીલ કરી હતી. આ સમારોહના અંતમાં ઉપસ્થિત અગ્રણીઓને સન્માનવામાં આવ્યા હતા. એકતાના સંદેશાની સુરાવલીઓ સાથે અને માનવ ઉત્કર્ષ મહોત્સવને સફળ બનાવવાના સંકલ્પ સાથે આ સમારોહ પૂર્ણ થયો હતો.

# ઓલપાડની ભટગામ પ્રાથમિક શાળામાં ધો.૮નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

**મુખ્ય સમાચાર, ઓલપાડ**

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડની ભટગામ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ નાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. પ્રારંભે પ્રાર્થના અને સ્વાગતગીત બાદ વિદાય લેતાં તમામ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. શાળાની બાળાઓએ નાનકડો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી પ્રસંગને દીપાવ્યો હતો.

આ પ્રસંગે ધોરણ-૮ નાં વર્ગ શિક્ષિકા નિમિષા પટેલે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે વિદાય એ અંત નથી પણ એક નવી શરૂઆત છે. ભવિષ્યમાં આવનારા નવા પડકારો ઝીલવાની તૈયારી રાખીને અપેક્ષિત પરિણામ મેળવવા તેમણે સૌને હાકલ કરી હતી. આ સાથે શાળાનાં શિક્ષકો દિપક પટેલ, અલ્પેશ સુરતી, જીનલ પટેલ તથા વિજય પટેલે વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વચન પાઠવ્યાં હતાં. શાળાનાં મુખ્યશિક્ષિકા કલ્પના પટેલે પણ વિદ્યાર્થીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરી ગામ તથા શાળાનું નામ રોશન કરે એવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.



વિદાય લેતાં વિદ્યાર્થીઓએ શાળા પરિવારને સ્મૃતિભેટ અર્પણ કરી પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ તકે વિદ્યાર્થીની મહેંક સુરતીએ પોતાનાં અને સહપાઠીઓનાં અભ્યાસકાળનાં સંસ્મરણો વાગોળી અભ્યાસની સાથે શિસ્ત, સંસ્કાર અને હૂંફ પ્રદાન કરનાર સૌ શિક્ષકોનો આભાર માન્યો હતો. કાર્યક્રમનાં અંતે શાળાનાં તમામ વિદ્યાર્થીઓએ શિક્ષકગણ તરફથી આપવામાં આવેલ પાઉંભાજીની મિજબાની માણી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# સૌરાષ્ટ્ર ઝોનના પદાધિકારીઓ સાથે જગદીશ વિશ્વકર્માની બેઠક

## MLA, પ્રમુખ-ઉપપ્રમુખ અને પ્રભારીઓને તમામ બેઠક પર જીત મેળવવાના લક્ષ્યાંક સાથે કામ કરવા સૂચના







**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટેની ઘડીઓ ગણાઈ રહી છે, ત્યારે સરપંચથી સાંસદ સુધીના સુરતની માફક નગરપાલિકાથી લોકસભા સુધી ભાજપનું કમળ ખીલવવા માટે આવનાર ચૂંટણીઓને ધ્યાનમાં રાખી આજ રોજ ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અધ્યક્ષતામાં રાજકોટ શહેર ખાતે સૌરાષ્ટ્ર ઝોનના પદાધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં રાજકોટ, અમરેલી, જામનગર, ભાવનગર તેમજ દ્વારકા, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાના પદાધિકારી અને હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ઝોનની મહત્વપૂર્ણ બેઠકમાં તમામ ધારાસભ્ય ઉપરાંત પ્રમુખ ઉપપ્રમુખ અને પ્રભારીઓને પ્રદેશ અધ્યક્ષે ચૂંટણી લક્ષી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં તમામ કાર્યકર્તાઓને એક સાથે ચૂંટણીલક્ષી કામગીરીમાં જોડાઈ જવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. કારણ કે આગામી એપ્રિલ મહિનાના પ્રથમ સપ્તાહમાં જ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જાહેર થવાની છે.

ગામે ગામે દરેક ઘર સુધી પહોંચી છેવાડાના માનવી સુધી સરકારની યોજનાઓ અને સરકારે કરેલા કામો જન જન સુધી પહોંચાડી તમામ બેઠક પર ભવ્ય જીત મેળવવા માટે લક્ષ્યાંક રાખી કામ કરવા સૂચના આપવામાં આવી છે.

ગુજરાતમાં સૌરાષ્ટ્ર એ હંમેશા રાજનીતિની પાઠશાળા માનવામાં આવે છે, ત્યારે આજ રોજ રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર ઝોનની બેઠક યોજી તમામ પદાધિકારીઓને ચૂંટણીલક્ષી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સમયે પ્રભારી અનિરુધ્ધ દવેએ સૌરાષ્ટ્રની તમામ ચૂંટણીઓમાં જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને તમામ બેઠક પર ભાજપ ભવ્ય જીત મેળવી જીતનું એક એક કમળ દિલ્હી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહને અર્પણ કરવાનો દાવો કર્યો હતો.

આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સૌરાષ્ટ્રની અંદર ભાજપમાં જૂથવાદ અંગે પૂછતાં તેઓએ કોઈ જૂથવાદ ન હોવાનું અને ભાજપના સિનિયર નેતાઓ વડીલો બની નવી ટીમને ખભે હાથ મૂકી માર્ગદર્શન પૂરું પાડી આગળ વધવા પ્રેરણા આપતા હોવાની સ્પષ્ટતા કરી હતી અને બધાએ સાથે મળી ચૂંટણીઓ માટે કામે લાગી ગયાનો દાવો કર્યો હતો.

જો કે ચૂંટણીમાં ઉમેદવારો માટે ક્રાઈટ એરિયા અંગ કોઈ સ્પષ્ટતા કરી ન હતી અને આગામી દિવસોમાં પાર્ટીનો નિર્ણય ઉમેદવારો માટે જે હશે તે જાહેર કરવામાં આવશે અને સેન્સ પ્રક્રિયા પણ યોગ્ય રીત કરવામાં આવશે તેવો ઉલ્લેખ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, રાજકોટના કાલાવડ રોડ પર આવેલા BAPS સ્વામિનારાયણ મંદિરના પટાંગણમાં આવેલ સભાગૃહ ખાતે ભાજપની સૌરાષ્ટ્ર ઝોનની બેઠક મળી હતી, જેમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રભારી અનિરુધ્ધભાઈ દવે, ગોરધનભાઈ ઝડફિયા, બાબુભાઇ બોખીરીયા, પ્રશાંત કોરાટ અને હિતેન્દ્રસિંહ ચૌહાણ સહીત નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ પહોંચી પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ મંદિરમાં દર્શન કર્યા હતા અને બાદમાં સંતો દ્વારા તેમનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. સભાગૃહ ખાતે સૌરાષ્ટ્રના પદાધિકારીઓ સાથે બેઠક શરૂ કરી તમામને ચૂંટણી લક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# રાજકોટ મહાપાલિકાના વહીવટદાર તરીકે રેમ્યાની મોહનની જગ્યાએ રાજેન્દ્રકુમારની નિમણૂંક





## રેમ્યા મોહનને ચૂંટણીમાં મહત્વની જવાબદારી સોંપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વહીવટી માળખામાં રાજ્ય સરકાર દ્વારા મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. હાલ શહેરમાં આગામી પ્રથમ મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજાય અને નવા કાઉન્સિલરો ચૂંટાઈને આવે ત્યાં સુધી વહીવટદારની નિમણુંક કરવામાં આવતી હોય છે. પહેલા આ સ્થાને રેમ્યા મોહનને જવાબદારી સોંપવામાં આવી હતી. જોકે હવે આ સમયગાળા માટે વહીવટદાર તરીકે ડો. રાજેન્દ્રકુમાર, આઈએએસની નિમણૂક કરવામાં આવી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

# ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને પરિણામ પહેલા જ ચાર ગુણ સુધીની લ્હાણી




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી- માર્ચ ૨૦૨૬માં લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના મુખ્યત્વે ચાર વિષયની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી દેવામાં આવી છે. એમસીક્યુ આધારિત પ્રશ્નોની આ આન્સર કી જાહેર કરવામાં આવી છે.

જેમાં ફીઝીક્સ અને કેમેસ્ટ્રીના પ્રશ્ન પત્રમાં ક્ષતિઓ જણાતા વિદ્યાર્થીઓને ચાર ગુણ સુધીનું ગ્રેસીંગ આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ચાર ગુણ અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને ત્રણ ગુણનું ગ્રેસીંગ આપવામાં આવશે તેમ શિક્ષણ બોર્ડના સુત્રોએ જણાવ્યું હતું.

અહીં એ ઉલ્લેખનીય છે કે, શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની ઉત્તરવહીઓની તપાસણી પૂર્ણ કરી દેવામાં આવી છે. બોર્ડના સુત્રોએ જણાવ્યું હતું કે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને જે ગ્રેસીંગ આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

તેમાં ગુજરાતી માધ્યમમાં કેમેસ્ટ્રી વિષયમાં એક અને ફીઝીકસ વિષયમાં ત્રણ મળી કુલ ચાર ગુણનું તેમજ અંગ્રેજી માધ્યમમાં બન્ને વિષયમાં બે બે ગુણનું જયારે હિન્દી માધ્યમમાં કેમેસ્ટ્રીમાં એક અને ફીઝીકસમાં બે મળી કુલ ત્રણ ગુણનું ગ્રેસીંગ અપાશે.

# ત્રિશલાનંદન વિર કી, જય બોલો મહાવીર કી ના નાદથી રાજમાર્ગો ગુંજ્યા



તસ્વીર : ગૌરવ લશ્કરી

રાજકોટ ખાતે ભગવાન મહાવિર જન્મકલ્યાણક નિમિતે સમસ્ત જૈન સમાજ આયોજીત અને જૈનમ સંકલીત વિશાળ ધર્મયાત્રા મણીયાર દેરાસરથી આચાર્ય પ્રસન્નચંદ્ર સાગરજી મ.સા.એ માંગલીક ફરમાવેલ હતું. પુ. મનકચંદ્ર મ.સા., પ્રિયચંદ્ર મ.સા., રામચંદ્ર મ.સા. વિગેરે પૂ.ગુરૂ ભગવંતોએ આર્શીવચન આપ્યા હતા. ત્યારબાદ શહેરના રાજમાર્ગો ઉપર ધર્મયાત્રા નિકળી હતી. આ ધર્મયાત્રામાં ત્રિશલાનંદન વિર કી, જય બોલો મહાવિર કી ના નાદ ગુંજી ઉઠયા હતા. ઉપરોકત તસ્વીરોમાં પ્રભુજીના રથને પુજાના વસ્ત્રો ખેંચવાનો લાભ શ્રાવકો દ્વારા લેવામાં આવ્યો હતો. સમગ્ર ધર્મયાત્રાના રૂટ ઉપર અઢારે આલમ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. નવકાર મહામંત્રના નવપદ મુજબ નવ સ્ટેજ બનાવવામાં આવ્યા હતા. ધર્મયાત્રામાં ભગવાન મહાવિરના જીવન-કવન, સંદેશ દર્શાવતા વિવિધ ફલોટસે આકર્ષણ જમાવ્યુ હતું. સ્થાનકવાસી જૈન મોટા સંઘ ખાતે ધર્મયાત્રા- ધર્મસભામાં પરિવર્તીત થઇ હતી. શ્રાવક-શ્રાવિકાઓએ પૂ.ગુરૂભગવંતના વ્યાખ્યાનનો લાભ લીધો હતો.

# જેતપુરમાં સપ્તાહનો મંડપ ખોલતી વેળાએ વીજલાઇનમાં સીડી અડી જતાં કરંટ લાગ્યોઃ એક શ્રમિકનું મોત, બે ગંભીર







## ૧૧ કે.વી.ની લાઇન અડી જતાં ૨૫ વર્ષિય યુવાનનું મોતઃ બેને જૂનાગઢ ખસેડાયા

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરના ધોરાજી રોડ પર સોજીત્રા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહની પૂર્ણાહુતિ બાદ મોટી દુર્ઘટના સર્જાઈ હતી. મંડપ ખોલવાની કામગીરી દરમિયાન લોખંડની સીડી હાઈટેન્શન વીજ લાઈનને અડકી જતાં લાગેલી વીજળીના કરંટ થી એક પરપ્રાંતિય શ્રમિકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજયું હતું, જ્યારે અન્ય બે શ્રમિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

શ્રીનાથ ધામ તત્કાલ હનુમાન મંદિર સામે સોજીત્રા પરિવાર દ્વારા ગત તારીખ ૨૧થી ૨૭દરમિયાન ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કથા પૂર્ણ થયા બાદ પરપ્રાંતિય મજૂરો દ્વારા મંડપ ખોલવાની કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન લોખંડની સીડી અચાનક ઉપરથી પસાર થતા ૧૧ કે.વી.ના વીજ તારને અડકી ગઈ હતી. સીડી લોખંડની હોવાથી ક્ષણભરમાં જ તેમાં જોરદાર કરંટ ઉતર્યો હતો અને કામ કરી રહેલા ત્રણ શ્રમિકો તેની ઝપેટમાં આવી ગયા હતા. આ કરૂણ ઘટનામાં ૨૫ વર્ષીય શ્રમિક સનીકુમાર સરોજનું ઘટનાસ્થળે જ મોત નીપજયું હતું. જ્યારે અન્ય બે શ્રમિકો, મનજીત કુમાર સરોજ (૨૫ વર્ષ) અને સીવકુમાર સરોજ (૩૩ વર્ષ) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ તેમની હાલત નાજુક જણાતા વધુ સારવાર અર્થે જૂનાગઢ રિફર કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ પીજીવીસીએલનો સ્ટાફ દોડી આવ્યો હતો અને તાત્કાલિક પાવર સપ્લાય બંધ કરાવ્યો હતો. જેતપુર પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મૃતક સનીકુમારના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની તપાસ હાથ ધરવામાં આવી હતી.


# ગુજરાતી ફિલ્મ તેમજ મ્યુઝીક ઇન્ડસ્ટ્રીઝમાં પ્રથમવાર રામ સીયારામનું ભજન ગુંજશે

## સ્વાતી પ્રજાપતિના સ્વરે ગવાયું છે આ ગુજરાતી ભજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતી ફિલ્મ તેમજ મ્યુઝીક ઇન્ડસ્ટ્રીમાં પ્રથમવાર રામ સીયારામનું ભજન સ્વાતી પ્રજાપતિના સ્વરે ગુંજશે. આ ભજનના વીડિયોમાં રામનું પાત્ર આકાશ પંડયા તેમજ સીતાનું પાત્ર ક્રિના પાઠક ભજવશે.

આ ગુજરાતી વર્ઝનનું નિર્માણ નિશાંત ખત્રી તેમજ કિશન પટેલે કરેલું છે. જયારે કોન્સેપ્ટ સુર સેતુનું છે. આ વીડિયો નિશાંત કિશન પ્રોડકશનના નેજા હેઠળ તૈયાર થયો છે. જે આગામી તા.૨ એપ્રીલના રોજ રીલીઝ થશે.




# રાજકોટ મનપાની "વ્યાજ માફી યોજના"નો આજે છેલ્લો દિવસ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વેરા વસુલાત શાખા અંતર્ગત અમલમાં મુકવામાં આવેલ "વ્યાજ માફી યોજના"નો આજે છેલ્લો દિવસ છે. મિલકતવેરો તથા પાણીવેરાની બાકી રકમ ભરપાઈ કરવા માટે નાગરિકોને રાહતરૂપ બને તેવી આ યોજનાનો લાભ લેવા મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે. આ યોજનામાં બાકીદારોને વ્યાજમાં વિશેષ માફી આપવામાં આવી રહી છે. મિલકતવેરા પર થતા વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી તેમજ પાણીવેરા પર થતા વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી આપવામાં આવે છે. મિલકતધારકને કુલ રૂ.૧૦,૦૦૦/- સુધીની વ્યાજ માફીનો લાભ મળી શકે છે.

# યુનિ. રોડ પરના એપાર્ટમેન્ટના ફ્લેટમાં PSIની સર્વિસ રિવોલ્વમાંથી ફાયરીંગ


તસવીર : ગૌરવ લશ્કરી

**એફએસએલ કચેરી પાછળ આવેલ શિવશક્તિ કોલોનીમાં મોડી રાત્રીના બનેલો બનાવ : સર્વિસ રિવોલ્વર સાફ કરતી વેળાએ અચાનક ઘટના બની પીએસઆઈ પંડ્યાને હાથમાં, તેમના મહિલા મિત્રને પડખામાં ગોળી વાગી બંનેને સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યુનિવર્સીટી રોડ પર એફએસએલ કચેરી પાછળ આવેલ શિવશક્તિ કોલોનીમાં આવેલા સમનવ્ય સુલભ એપાર્ટમેન્ટમાં રાત્રિના સમયે ફ્લેટમાં હાજર સાયબર ક્રાઇમ પોલીસ મથકના પીએસઆ એન.કે.પંડ્યાની સર્વિસ રિવોલ્વરથી આકસ્મિક રીતે ફાયર થઇ જતાં ફોજદાર અને તેમની સાથે ફ્લેટમાં હાજર મહિલા મિત્રને ગોળી વાગી ગઈ હતી. જે બાદ બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બીજી બાજુ બનાવને પગલે ડીસીપી સહીતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

સમગ્ર ઘટના અંગે મળતી માહિ-તી અનુસાર ગઈ રાત્રીના આસરે ૧૧ વાગ્યે અગાઉ યુનિવર્સીટી પોલિસ મથકમાં ફરજ બજાવતા અને હાલ સાયબર ક્રાઇમ પોલીસ મથકના પીએસઆઈ નીતિન કરૂણાશંકરભાઇ પંડ્યા પોતાના યુનિવર્સીટી રોડ પર જે કે ચોક નજીક આવેલા સમનવ્ય સુલભ એપાર્ટમેન્ટ સ્થિત ફ્લેટ નં. એ-૪૦૪ માં હાજર હતા, ત્યારે તેમની સાથે તેમના મહિલા મિત્ર પુજાબેન મહાવિરસિંહ પરમાર હાજર હતા.

પીએસઆઈ એન.કે.પંડ્યા પોતાની સર્વિસ રિવોલ્વર (પિસ્ટલ) સાફ કરી રહ્યા હતા. દરમિયાન આકસ્મિક રીતે હથિયાર લોડ થઇ ગયું હતું અને બાદમાં ટ્રીગર પણ આકસ્મિક રીતે જ દબાઈ જતાં એક રાઉન્ડ ફાયર હતું. જેમાં પીએસઆઈ પંડ્યાને જમણા હાથે બાવડાના ભાગે જયારે મહિલા મિત્ર પૂજાબેનને ડાબા પડખાના ભાગે ઈજા પહોંચી હતી.

બનાવને પગલે એપાર્ટમેન્ટના રહીશ પૈકી બંને ઈજાગ્રસ્તોને સારવ-ાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયારે બીજી બાજુ સ્થાનિકો અને હોસ્પિટલ તંત્ર દ્વારા જાણ કરવામાં આવતા યુનિવર્સીટી પોલિસ મથકના ઇન્ચાર્જ પીઆઈ એમ.એલ.ડામોર અને પીએસઆઈ વી.જી.ડોડીયા સહીતની ટીમો બનાવસ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી. થોડી જ વારમાં ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ડીસીપી રાકેશ દેસાઈ પણ આવી પહોંચ્યા હતા. હાલ પોલીસે ફ્લેટ પણ કોર્ડન કરી સિઝ કરી તપાસ આદરી છે.

જ્યારે બનાવ અંગે શંકા પણ ઉપજી છે કે, મહિલા મિત્રની હાજરીમાં અચાનક સર્વિસ રિવોલ્વર આકસ્મિક રીતે લોડ થઇ જવી અને એટલું જ નહિ ટ્રીગર પર આંગળી મુકાઈ જવી અને ફાયર થઇ જવું? આ બંને બાબતો એક સાથે આકસ્મિક રીતે બનવી થોડી ગળે ઉતરે એવી નથી. વધુમાં રાત્રિના સમયે મહિલા મિત્ર પીએસઆઈના ફ્લેટમાં શું કરી રહ્યા હતા? તે પણ મોટો સવાલ છે.

# બાલાજી હોલ પાછળ આવાસના ક્વાર્ટરમાં એકલવાયા જીવનથી કંટાળીને આધેડનો આપઘાત

## બે દિવસથી ફોન ન ઉપાડતા સબંધી ઘરે પહોંચતા મુતદેહ લટકતી હાલતમાં જોવા મળ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં બાલાજી હોલ પાછળ આવેલા આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા એક રિક્ષાચાલક આધેડે એકલવાયા જીવનથી કંટાળી ગળેફાંસો ખાઈ જીંદગી ટુંકાવી લીધી છે. બે દિવસથી ફોન ન ઉપાડતા સબંધી ઘરે તપાસ કરવા પહોંચતા ૪૫ વર્ષીય આધેડ લટકતી હાલતમાં જોવા મળ્યા હતા. આ બનાવની મળતી વિગત મુજબ, આવાસ ક્વાર્ટરમાં રહેતા નિલેશભાઈ લાલજીભાઈ પરમાર (ઉ.વ. ૪૫) નામના આધેડે રિક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતા હતા અને છેલ્લા કેટલાક સમયથી એકલવાયું જીવન જીવતા હતા.



તેમના સબંધીએ જણાવ્યું હતું કે, બે દિવસ પહેલા તેમની સાથે ફોન પર વાત થઈ હતી પરંતુ ત્યારબાદ ગઈકાલે અને આજે સવારે વારંવાર ફોન કરવા છતાં નિલેશભાઈ ફોન ઉપાડતા નહોતા. શંકા જતાં સબંધીઓ સવારે તેમના ઘરે પહોંચ્યા હતા જ્યાં ઘરની અંદર નિલેશભાઈની લાશ પંખામાં લટકતી હાલતમાં જોવા મળી હતી.

બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.પ્રાથમિક દ્રષ્ટિએ એકલતાથી કંટાળીને આ પગલું ભર્યું હોવાનું મનાઈ રહ્યું છે.

# મહિલાએ દુષ્કર્મની જેઠ પર કરેલી શંકાસ્પદ ફરીયાદમાં આરોપીનાં આગોતરા જામીન મંજુર

## ગુજરાત હાઇકોર્ટમાં આરોપી રવિ અગ્રવાલ વતી સિનિયર એડવોકેટ તેજસ બારોટ તથા વકિલ મોહમ્મદ ઝૈદ સૈયદ તથા રાજકોટનાં ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, યુવરાજસિંહ ગોહિલ તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા


રૂપરાજસિંહ પરમાર (આરોપી ના એડવોકેટ)


મોહમ્મદ ઝૈદ સૈયેદ (એડવોકેટ ગુજરાત હાઈ કોર્ટ)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વર્ષ ૨૦૧૧નાં જુન મહિનામાં આ કામના ફરીયાદી પરિણીતાનાં લગ્ન ઝારખંડ ખાતે થયેલા અને ત્યારબાદ તેઓ રાજકોટ મુકામે સંયુક્ત પરીવારમાં વસવાટ કરતા હતા ત્યારે લગ્નનાં થોડાક જ સમય બાદ ફરીયાદી પરિણીતાનાં જેઠ આરોપી રવિ અગ્રવાલ તેણીને ખરાબ નજરે જોતા હોય અને તેણીનાં શરીરને સ્પર્શ કરતા હોય અને અડપલા કરતા હોય જેથી તેણીએ તેની સાસુને ફરીયાદ કરતા તેના સાસુએ તેણીને આ ફક્ત તેની ભુલ હોય તેવું જણાવેલ, જેથી તેણી લગ્ન નવા હોવાના કારણે ડરી ગયેલ હતી. ત્યારબાદ પરિણીતાનો પુત્ર નવ માસનો હતો ત્યારે ડિસેમ્બર ૨૦૧૩માં તેણી તેના પતિ અને પુત્ર સાથે અલગ રહેવા જતી રહેલ જે મકાન તેમના જેઠાણીનાં નામે હોય જેથી આરોપી રવિ અગ્રવાલ ત્યાં વારંવાર કોઈને કોઈ કામના બહાને ઘસી જઈને બળજબરીથી પરિણીતા સાથે શારીરિક સંબંધ બાંધતો હતો અને તેને ધમકી આપતો હતો કે જો આ વાત કોઈને કરશે તો તેણીને બરબાદ કરી દેશે જેથી ફરીયાદી/પરિણીતા દ્વારા ઘણી વખત વિરોધ કરવા છતા આરોપી રવિ અગ્રવાલ તેની સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધતો અને પરિણીતા તેનો દિકરો નાનો હોય અને તેનો પતિ કોઈ ખાસ કામ કરતો ન હોવાથી આરોપી રવિ અગ્રવાલ તેમને નુકશાન ન પહોચાડે તે માટે આ બધું ચુપચાપ સહન કરતી હતી તેમજ ચાર વર્ષ અગાઉ પરિણીતા અમદાવાદ રહેવા જતા રહેલ હતા. ત્યારબાદ છેલ્લા દિવાળી વેકેશનમાં રાજકોટ આવેલ ત્યારે આરોપી રવિ અગ્રવાલ દ્વારા તેણીનું શોષણ કરવામાં આવતા તેણીએ બહાદુરી પુર્વક વિરોધ કરતા આરોપી રવિ અગ્રવાલ દ્વારા પોલીસને ફોન કરી અને ભોગબનનાર પરિણીતા અને તેનો પતિ આરોપી સાથે ઝઘડો કરી ખોટી રીતે પૈસાની માંગણી કરી રહ્યા હોય તેવો આરોપ લગાવવામાં આવ્યો હતો જેથી પરિણીતાએ પોતાના પતિને હિમતભેર તેની સાથે શરૂઆતથીબળજબરી પુર્વક બની રહેલ શારીરિક શોષણનાં બનાવની હકીકત જણાવી હતી અને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી રવિ અગ્રવાલ વિરુદ્ધ બળાત્કાર, છેડતી અને ધમકીની કલમો હેઠળની ફરીયાદ આપવામાં આવેલ હતી.

જેથી આ કેસમાં આરોપી રવિ અગ્રવાલ દ્વારા પોતાના વકીલ મારફત ધરપકડથી બચવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરવામાં આવેલ હતી. જે જામીન અરજી સાંભળવા પર આવતા આરોપીના વકિલ દ્વારા હાલની ફરીયાદ ખોટી રીતે, મિલ્કતમાં હિસ્સો મેળવવા તેમજ તેની પાસે પૈસા પડાવવા માટેના બદઈરાદે ઘણા લાંબા સમય બાદ ખોટી ફરીયાદ કરેલ હોય જેથી આરોપી રવિ અગ્રવાલને આગોતરા જામીન પર મુકત કરવા ભાર પુર્વક દલીલો કરવામાં હતી. તેમજ તેની વિરુદ્ધ સરકારપક્ષે આગોતરા જામીન અરજીનો વિરોધ કરતા ફરીયાદમાં કરવામાં આવેલા આક્ષેપો ગંભીર હોય, મહિલા અને સમાજ વિરુધનો ગુન્હો હોય, શારીરિક ઉત્પીડનનો આરોપ હોય આ પ્રકારનાં ગુન્હાઓમાં આગોતરા જામીન ન આપવા દલીલો કરવામાં આવેલ હતી. જેથી નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફરીયાદમાં આક્ષેપાયેલ સમય એટલે કે ૨૦૧૧ થી ૨૦૨૪ સુધી કયારેય પરિણીતા દ્વારા આવા કહેવાતા બનાવ અંગે કોઈ ફરીયાદ કરવામાં આવેલ ન હોય અને તેની નજીકનાં વ્યક્તિને પણ આવા બનાવ અંગેની કોઈ વાત કરવામાં આવેલ હોય તેવું જણાય આવતું ન હોય, આરોપી પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય તેનો અગાઉનો કોઈ ગુન્હાહિત ઈતિહાસ ન હોય અને આરોપી તેની સ્વતંત્રા નો દુરઉપયોગ કરશે તેવું જણાય આવતું ન હોય તેવા તારણ પર આવી નામદાર સુપ્રીમ કોર્ટનાં વિવિધ ચુકાદાઓનાં આધારે આરોપી રવિ અગ્રવાલની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવેલ હતી.

આ કામમાં ગુજરાત હાઇકોર્ટમાં આરોપી વતી રવિ અગ્રવાલ વતી સિનિયર એડવોકેટ તેજસ બારોટ તથા વકિલ મોહમ્મદ ઝૈદ સૈયદ તથા રાજકોટનાં ધારાશાસ્ત્રી રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઇ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, યુવરાજસિંહ ગોહિલ તથા પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

# રવિવારની પિકનિક શોકમાં ફેરવાઈ: નદીમાં ડૂબી જતાં યુવકનું મોત

## પિતા-ભાઈની નજર સામે જ ૨૦ વર્ષીય યુવક પડધરી પાસે પાણીમાં ગરક થયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોપટપરા વિસ્તારમાં રહેતો પરિવાર રવિવારની રજામાં પિકનિક માટે પડધરીના રામપર ગામ પાસે આવેલી નદી કિનારે ગયો હતો. દરમિયાન ન્હાવા પડેલો ૨૦ વર્ષીય યુવાન પિતા અને નાના ભાઈની નજર સામે જ ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં તેનું મોત નીપજ્યું છે.



આ અંગેની વિગતો મુજબ, પોપટપરા માઉન્ટેન પોલીસ લાઇન પાછળ વિવેકાનંદનગરમાં રહેતા લાલજી ભરતભાઈ ભોજવીયા (ઉ.વ. ૨૦) રવિવારની રજા હોવાથી પિતા ભરતભાઈ, નાનો ભાઈ ઈવાન, ફઈનો પૌત્ર અને પડોશી વાઘજીભાઈ સાથે રિક્ષા લઈને પડધરી રામપર ગામે આવેલી નદી કિનારે ફરવા ગયા હતા. દરમિયાન નદીમાં ન્હાતી વખતે લાલજી અચાનક ઊંડા પાણીમાં ઉતરી ગયો હતો અને ડૂબવા લાગ્યો હતો. પોતાના સંતાનને નજર સામે ડૂબતો જોઈ પિતા ભરતભાઈ અને પડોશીએ તાત્કાલિક પાણીમાં ડૂબકી લગાવી તેને બહાર કાઢ્યો હતો. બેભાન હાલતમાં લાલજીને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો પરંતુ ટૂંકી સારવારના અંતે તેણે દમ તોડી દીધો હતો. મૃતક લાલજી બે ભાઈ અને એક બહેનમાં સૌથી મોટો હતો. તે પોતાના પિતા સાથે સેન્ટિંગ કામ કરતો હતો.બનાવ અંગે પડધરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## અપહૃત સગીર વિશે જાણકારી આપવા અંગે

રાજકોટ શહેરના કોઠારિયા સોલવંટ વિસ્તારમાં રહેતા અને મૂળ રાજસ્થાનના જોધપુરના વતની ચાંદનીબેન સામરીયાના ૧૬ વર્ષીય દીકરાને ગત તા. ૧૧ માર્ચના રોજ સાંજે ૪થી ૬ કલાક દરમિયાન કોઈ અજાણ્યા ઇસમ અપહરણ કરી લઈ ગયા છે. અપહૃત સગીર વિશે કોઇને માહિતી મળે તો આજી ડેમ પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

# રૈયાધાર પાસે સોપાન હાઇટ્સના સ્વિમિંગ પુલમાં ડૂબી જતા માસૂમ ભાઈ-બહેનના મોત


**પિતા સૂતા અને પાછળથી બંને બાળકો રમવા નીકળ્યા ને જાણે કાળ બોલાવતો હોય તેમ ન્હાવા પડયાઃ નેપાળી પરિવાર પર આભ ફાટ્યું**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર પાસે આવેલ સોપાન હાઇટ્સ બિલ્ડિંગમાં ગઈ કાલે બપોરે એક કરૂણ દુર્ઘટના બની હતી. સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા નેપાળી પરિવારના બે માસૂમ બાળકો, ૭ વર્ષીય દીપેશ અને ૫ વર્ષીય દીપક્ષિકાનું સ્વિમિંગ પુલમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યું હતું. બપોરે પિતાએ પુત્ર-પુત્રીને જમાડયા બાદ બાળકો સાથે સુઈ ગયા હતા પાછળથી બાળકો રમવા માટે રૂમમાંથી નીકળ્યા અને કાળનો કોળિયો બન્યા હતા.




તસવીર : ગૌરવ લશ્કરી

આ અંગેની વિગતો મુજબ, સોપાન હાઇટ્સમાં સફાઈ કામ કરતા કરણભાઈ ભંડારી બપોરે કામ પરથી પરત આવ્યા હતા. તેમણે પોતાના બંને બાળકોને જમાડીને પોતાની પાસે સુવડાવ્યા હતા. પત્ની એપાર્ટમેન્ટમાં જ કામ પર હોવાથી અને કરણભાઈની આંખ લાગી જતાં બંને બાળકો પિતાને ખબર ન પડે તેમ રૂમની બહાર નીકળી ગયા હતા. રમતા-રમતા બંને બાળકો બપોરે ૨:૩૦ થી ૩:૩૦ના અરસામાં એપાર્ટમેન્ટના સ્વિમિંગ પુલ પાસે પહોંચી ગયા હતા અને અકસ્માતે પુલમાં ખાબક્યા હતા. બપોરે ૩:૩૦ વાગ્યાની આસપાસ એપાર્ટમેન્ટની એક મહિલાની નજર પુલમાં તરતા બાળકો પર પડતા તેમણે બૂમાબૂમ કરી મૂકી હતી.

તાત્કાલિક ૧૦૮ મારફતે બાળકોને સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. યુનિવર્સિટી પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસીપી સામેના આક્ષેપમાં ગુદામાર્ગમાં પેટ્રોલનું ઈન્જેક્શન આપ્યાનું મેડીકલ તપાસમાં ફલીત ન થયું : રીપોર્ટ નીલ

## કથિત પત્રકારનો ભોગ બનેલા લોકો સામે આવ્યાઃ ખંડણીના ગુના નોંધવા તજવીજ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કથીત પત્રકારને માર મારવા અંગેના પોલીસ પર ગંભીર પ્રકારના આક્ષેપો લાગી રહ્યાં છે. જેમાં ડિસીપી ક્રાઈમ બાંગરવાએ ગુદા માર્ગમાં પેટ્રોલ છાંટયાના આરોપો લાગતા વાતાવરણ તંગ બન્યું હતું. જો કે, ગઈકાલે આવેલ તબીબી રિપોર્ટમાં મેડીકલ રિપોર્ટ નિલ આવતાં ક્રાઈમ બ્રાન્ચને ક્લીનચિટ મળી હોય તેવું ચિત્ર સામે આવ્યું છે અને સામે હવે ખંડણીના ગુના નોંધવા પણ તજવીજ આદરી છે. તબીબી તપાસમાં ગુદામાર્ગમાં પેટ્રોલનું ઇન્જેક્શન આપ્યાનો કે અંદર દાખલ કર્યાનું તપાસમાં ફલિત ન થતા પોલીસ માટે રાહતના સમાચાર સામે આવ્યાં છે.

આ બનાવ અંગે ની માહિતી મુજબ અઠવાડિયા પહેલાં એક કોળી યુવક સુરેશભાઈ વડેચા સારવારમાં સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. જેમને હોસ્પિટલના બિછાનેથી તેમને કાઈમ બ્રાન્ચના અધિકારીઓ ઉઠાવી ક્રાઈમ બ્રાન્ચની ઓફિસે લઈ ગયાં હતા. જ્યાં ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને તેની ટીમે તેના કપડા કાઢી નગ્ન કરી બેફામ મારમાર્યો હતો અને પાઈપ પર લટકાવી ગુદા માર્ગે પેટ્રોલ છાંટયાનો પણ ગંભીર આક્ષેપ લગાવતાં સનસની મચી ગઈ હતી અને સાથે સાથે રાજકરણ પણ ગરમાયું હતું.

ત્યારે ગઈકાલે આવેલ તબીબી રીપોર્ટમાં મોટો ઘટસ્ફોટ થયો હતો. જેમાં દર્દીએ તા. ૨૮/૦૩/૨૬ બપોરે ૧૨ વાગ્યે આપેલ વિગતમાં તેના પર પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરીને પેરિએનલ વિસ્તાર (ગુદાની આસપાસનો ભાગ) પર પેટ્રોલ છાંટવામાં આવ્યું હતું. જે બાદ તબીબી તપાસમાં ગુદામાર્ગ અથવા મળાશયમાં પેટ્રોલનું ઇન્જેક્શન આપ્યાનો કે અંદર દાખલ થયું નથી તેમજ મળાશયમાંથી રક્તસ્ત્રાવના કોઈ પુરાવા નથી. જે તબીબી રિપોર્ટથી પોલીસને રાહત મળી છે.

ઉપરાંત પોલીસ સુત્રોમાંથી મળતી કથીત પત્રકાર સામે એકથી વધું ખંડણી મંગાયાની પણ પોલીસને મળી છે. જેથી ક્રાઈમ બ્રાન્ચે અરજીની સચોટ તપાસ કરી યુવક સામે એકથી વધું ગુના નોંધવા તજવીજ આદરી છે.

ઉલ્લેખનીય છે કે, થોડાં સમય પહેલાં સાધુ વાસવાણી રોડ પર એક બિલ્ડરની સાઈટ ચાલું હતી, ત્યાં લોખંડ, સળિયા, કાંકરી સહિતનો માલ સમાન રોડ પર પડયો હશે, જે બાબતે આ યુવકે તેને પોતાના સોશિયલ મીડીયા હેન્ડલ પર ચલાવ્યું હતું, જે મામલે બિલ્ડરો દ્વારા ક્રાઈમ બ્રાન્ચમાં રજુઆત થઈ હતી અને એકથી વધું અરજીઓ પણ થઈ હતી. જે મામલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસના કામે આ યુવકને ક્રાઈમ બ્રાન્ચ ઓફિસ પણ લઈ આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. જે બાદ આ મામલે રાજકરણ ગરમાયું હતું અને કોંગ્રેસના ધારાસભ્યોએ પણ યુવકની મુલાકાત લીધી હતી. જો કે, તબીબી રિપોર્ટમાં યુવકની કથની મુજબ ગંભીર પ્રકારનો માર મરાયાનું ફલિત ન થતાં પોલીસ સામેના આક્ષેપોનો છેદ ઉડી જવા પામ્યો છે.

# પતિના અનૈતિક સંબંધોની જાણ થતાં મહિલા એ તેમના પતિ ને સમજાવવા માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની મદદ લીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર માંથી એક મહિલા દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન માં ફોન કરી જણાવેલ કે તેમના પતિ ના અન્ય મહિલા સાથે અનૈતિક સંબંધો છે અને મારા પતિ મને ખૂબ માનસિક ત્રાસ આપે છે અને ઘરે થી નીકળી જવા કહે છે . તેથી મારે ૧૮૧ ટીમ ની મદદની જરૂર છે.

જેના પગલે ૧૮૧ના કાઉન્સેલર શીતલ સરવૈયા, કોન્સ્ટેબલ રવિનાબેન, તેમજ પાઇલોટ હરપલભાઈ ગઢવી તત્કાલીન ઘટના સ્થળ પર દોડી ગયા હતા. રૂબરૂ માં પીડિતા મહિલા ના કાઉન્સિલિંગ દરમ્યાન જાણવા મળ્યું કે તેમના લગ્નન જીવન ને અંદાજીત ૧૦ વર્ષ થયા છે અને હાલ પીડિતા બહેન સાત મહિનાની પ્રેગનેંનશી ધરાવે છે પીડિતા બહેન એ જણાવેલ કે

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

તેમના પતિ ને છેલ્લાં ૧૧ મહિના થી અન્ય મહિલા સાથે પ્રેમ સબંધ છે અવાર- નવાર આ કારણોસર પીડિતા બહેન અને તેમના પતિ વચ્ચે ઝગડો થતો હોય, વારંવાર પતી ને સમજાવવા છતાં તેમના પતિ સમજતા ના હોય આથી પીડિતા એ ૧૮૧ મહિલા હેલ્પલાઈન ની મદદ લીધી , આજરોજ પીડિત ના પતી અન્ય મહીલા ને મળવા ગયેલ હોય એ વાત ની જાણ પીડિતા ને થતા પીડિતા એ તેમના પતિ અને અન્ય મહીલા ને સમજાવવા બોલાવેલ હોય, ઘટના સ્થળ પર પીડિતા ના પતી સાથે વાતચીત કરી તેમને વ્યવસ્થીત સમજાવેલ હોય તથા તેમની જવાબદારી વિશે ભાન કરાવેલ હોય , પીડિતા ના પતી ને જે મહિલા સાથે પ્રેમ સબંધ હોય તેઓ પણ ઘટના સ્થળ પર હાજર હોય જેથી તેમની સાથે વાતચીત કરી તેમને સમજાવેલ હોય , હાલ પીડિતા ના પતી ને તેમની ભૂલ નો અહેસાસ થયેલ હોય જેથી તેમણે પીડિતા ની માફી માંગેલ હોય તથા ભવિષ્ય મા આવી ભૂલ નહીં થાય તેની ખાતરી આપેલ હોય.

જેમાં પીડિતા બહેન ના પતિ સમજી ગયેલ હોવા થી પીડિતા બહેન એ ૧૮૧ મહિલા હેલ્પલાઇન ટીમ નો આભાર માનેલ.